ગાંધીનગર સમાચાર



## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

વિપદના કંટકોને ધૈર્યથી પુષ્પો બનાવીને,
જીવનની ફુલદાની એમ,બેઠો છું બનાવીને!

- ગની દહીવાલા.

### પાથેય

- રમેશ ઠક્કર

## શાંત કોલાહલ...

એકલા પડી જવાની પણ અનોખી મજા હોય છે..દરેકના જીવનમાં સમયાંતરે આવું બનતું રહે છે..એ અભિશાપ નથી હોતી, એક એહસાસ હોય છે..જેમ ખુલ્લા અને નિતાંત આકાશનો એક ગેબી વૈભવ હોય છે..એકલતાનો પણ એક એવો જ અજાયબ પટ હોય છે..આગવો કોલાહલ હોય છે.એના કિનારા ઉપર માણસ કેવી રીતે સહેલગાહ કરે છે એ બાબત મહત્વની છે..

વહેતી જિંદગીની સાથે જીવનની ફિલસુફી બદલાતી રહે છે..રીતભાત બદલાતી રહે છે..વિસ્મય બરકરાર રહેતું હોય છે...જાત સામે ઉઘડવું ગમે છે..મને મારો જ પરિચય અવારનવાર થતો રહે છે..આશ્ચર્ય એ છે કે આપણે જ આપણાથી દૂર રહેતા હોઇએ છીએ..આપણે કોલાહલ શોધીએ છીએ..ચંદ્રકાંત બક્ષી કહેતા કે એકલો માણસ હંમેશાં બહુમતીમાં હોય છે..

આપણે જયારે એકલા પડીએ છીએ ત્યારે આપણી ભીતર એક નવું જ જગત ઉઘડતું હોય છે..આપણી સાથે સતત કોઇ શકિત હોવાનો અહેસાસ થતો રહે છે..રહસ્યવાદ કદાચ આમાંથી જ આવ્યો હશે..ઘણીવાર એવો પ્રશ્ન થાય કે માણસને જિવાડનારું ચાલકબળ કયું હશે? સિગ્મંડ ફ્રોઇડ માણસની કામવૃતિને પ્રેરક માને છે તો કાર્લ જુંગ નામનો મનોવિજ્ઞાની ખોરાક એટલે કે ભુખને માનવીય વર્તન માટે મુખ્ય ગણે છે..કોઈકના મતે સત્તા મેળવવાની વૃત્તિ આપણા જીવવાનું ચાલકબળ છે..પણ કોઇક અદીમ તત્વની શોધ એ કદાચ આપણા જીવનનું રહસ્ય છે..

આપણે બધું બહારના કોલાહલમાં શાતા શોધીએ છીએ...પણ આપણી ભીતર એક શાંત કોલાહલ ચાલતો હોય છે..એનો લય પકડાય તો સમજાય કે હકિકતમાં આ જગતમાં જે કાંઇ ઐશ્વર્ય છે એ આપણી ભીતર જ છે..આ મનોભાવોને સાતત્યની સફર કરાવીએ તો એની મજા ઓર હોય છે..આવી જ કોઇ અવસ્થા પામ્યા પછી 'મરીઝ ' આવું લખી શકયા હશે-

'કાયમ જો રહી જાય તો પયગમ્બરી મળે
દિલ માં જે દર્દ કોઇકવાર હોય છે...''

આવું દર્દ નરસિંહ કે મીરાંના દિલમાં સ્થાયી થતું હોય છે..જે આપણને એક ખોજ તરફ લઇ જાય છે..મનના તુંબડામાં જાતજાતનાં કાંકરા ખખડતા હોય છે એમાંથી મધુર ધ્વનિ પામવા સમાધિગ્રસ્ત થવું પડે છે..આવી શોધ કરતો માણસ કયારેય નાસ્તિક ના હોઇ શકે..માણસના મનને એક કેલિડોસ્કોપ ગણીએ તો ચોક્કસ કહી શકાય કે બધાં ખેલ અંદરના છે..બહાર તો ફક્ત આભાસો છે...ઝળાંહળાં તો આપણી ભીતર હોય છે...

# પંજાબમાં 'આપ' ચીલો ચાતરે છે

### તંત્રીસ્થાનેથી...

ગુજરાત કે ગોવામાં આમ આદમી પાર્ટી કાઠું કાઢે કે ન કાઢે પરંતુ દિલ્હીના પાડોશી અને સરહદી રાજય પંજાબમાં એ સત્તાની મુખ્ય પ્રતિસ્પર્ધી પાર્ટી તરીકે ઊપસી રહી છે. સત્તાધારી કોંગ્રેસ પાર્ટીમાં ગ્રહણ ટાણે જ સાપ કાઢીને બેઠેલા અપિરપક્વ હાઈકમાંડે નીવડેલા સિનિયર નેતા કેપ્ટન અમરિંદર સિંહનું રાજીનામું માગી લઈ ઊડઝૂડ નિવેદન કરતા રહેતા અને કયારેક કોંગ્રેસના જ સિનિયર નેતા પ્રો. રઘુનંદન લાલ ભાટિયાને અમૃતસર બેઠક પર ભાજપના ઉમેદવાર તરીકે હરાવનારા નવજોત સિદ્ધુની ક્રિકેટ બ્રાન્ડ ફટકાબાજી પર ઓવારી જવામાં શ્રેય જોયું. એથી કોંગ્રેસમાં ઊભી તિરાડ પડી એટલું જ નહીં, અમરિંદરસિંહનો લોકપ્રિય ચહેરો ભારતીય જનતા પાર્ટીને સાથી પક્ષના પક્ષના નેતા તરીકે મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે રજૂ કરવાની લોટરી લાગી ગઈ. ભાજપ માટે પંજાબમાં પ્રવેશબંધી જેવી પરિસ્થિતિ સરજાવા પામી હતી કારણ કે ખેડૂતોના પ્રશ્ને અકાલીદળે સાથ છોડી દીધો હતો અને બીજે કયાંક હોય કે ન હોય પણ પંજાબમાં ખેડૂત આંદોલનનો પ્રભાવ એટલો બધો હતો કે એ નરેન્દ્ર મોદીની રેલીનો પણ ફિયાસ્કો કરી શકે અને એમને અધવચ્ચેથી લીલા તોરણે એરપોર્ટ પર પરત પાઠવી શકે. અકાળી દળનો પ્રભાવ લગભગ તળિયે પહોંચી જવા પામ્યો હોઈ કોંગ્રેસ જીતની હેટ્રિલ લગાવી શકે એવા સંજોગો સરજાવા પામ્યા હતા જે હાઈકમાંડે નાટકિયા નવજોત સિધ્ધુના ચાળે ચડીને જાતે જ રફેદફે કરી દીધા છે. અમરિંદરને ખસેડીને નવજોત સિધ્ધુ પોતે જ મુખ્યમંત્રી બની જવા ઉતાળવા થઈ ગયેલા પરંતુ હાઈકમાંડે દલિત શીખ સમુદાયના ચન્ની પર કળશ ઢોળ્યો એથી ફરી પાછા સિદ્ધુના નાટકવેડા શરૂ થઈ ગયા હતા. આ ગોલા લડાઈનો સૌથી વધુ લાભ આમ આદમી પાર્ટીને મળતો દેખાઈ રહ્યો છે. ગત ચૂંટણીઓ દરમિયાન 'આપ'નું આશાસ્પદ પ્રદર્શન રહેવા પામ્યુ હતું. સંસદમાં પણ અત્યારે 'આપ'નું પ્રતિનિધિત્વ પંજાબ જ કરે છે. પૂર્વ કોમેડિયન અને સાંસદ ભગવંતસિંહ માન અલબત્ત કયારેક નશાની હાલતમાં સંસદમાં આવતા હોવાની વાતો સાંભળવા મળે છે પરંતુ હમણાં કેજરીવાલે પંજાબના લોકો વચ્ચે પહોંચી જઈ મુખ્યમંત્રી પદના ચહેરા માટે જનતાનો અભિપ્રાય માગ્યો ત્યારે એ જ સૌથી વધારે લોકપ્રિય નેતા તરીકે ઊપસી આવ્યા છે. અગાઉની વિધાનસભાની ચૂંટણીમાં મુખ્યમંત્રી પદના ચહેરાને બદલે કેજરીવાલના નામે જ વોટ માગવામાં આવેલા. પંજાબના લોકોને વહેમ પણ ગયેલો કે જો આમ આદમી પાર્ટીનું શાસન આવશે તો કદાચ 'બહારનો માણસ' પંજાબનો માલિક થઈ બેસશે. પંજાબમાં શીખ સમુદાયનું જ વર્ચસ્વ જળવાય એવા અકાલીદળના વર્ચસ્વને તોડવા માટે કોંગ્રેસ પણ અમરિંદરસિંહ જેવા શીખ નેતાને કે બિયંતસિંહ જેવા શહીદને જ મુખ્યમંત્રી પદે સ્થાપિત કરતી રહી છે. આથી કેજરીવાલે પણ શીખ સમુદાયના જ પસંદીદા ચહેરા માટે જનમત સંગ્રહ કરાવ્યો જેમાં સાંસદ ભગવંતસિંહ માન પ્રચંડ બહુમતી સાથે લોકપ્રિય નેતા તરીકે ઊપસી આવતાં 'આપ'ના મુખ્યમંત્રી પદના ચહેરા તરીકે હવે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છે. આ પ્રયોગ લોકશાહી માટે આવકારદાયક જ લેખાશે. કોંગ્રેસ હજી અવઢવમાં છે. સિદ્ધુએ ઉમેદવારોની પસંદગીમાં મેદાન મારી લીધું. મુખ્યમંત્રી ચન્નીને સિદ્ધુને આદેશોનું મનેકમને પાલન કરવું પડ્યું છે. આમ દલિત કાર્ડનો જે ફાયદો કોંગ્રેસ મેળવવા માગતી હતી તે પૂરા પ્રમાણમાં મળી શકે એવી સ્થિતિ રહેવા પામી નથી. સિદ્ધુના જોહુકમી અને નૌટંકીનો લાભ મહદંશે અમરિંદરસિંહની પ્રાદેશિક લોક કોંગ્રેસને અને થોડો ઘણો 'આપ'ને પણ મળી રહ્યો છે. કહેવાતું 'દિલ્હી મોડેલ' નું શાસન ઈચ્છતા સવર્ણ મતદારાઓને ભગવતંસિંહ માન અને અડૂકદડૂકિયા નૌટંકી માસ્તર સિદ્ધુ વચ્ચે પસંદગી કરવાની છે, કારણ કે અમરિંદરસિંહના શાસનથી એ નારાજ હતા અને અકાલીદળનું વર્ચસ્વ લગભગ સમાપ્ત થઈ ગયું છે. ચન્ની સાથે હાઈકમાંડ રહે તો પણ, કોંગ્રેસને બહુમતી મળશે તો સિદ્ધુ મોદી-શાહ સાથે ગઠબંધન રચીને બળવો કરતાં વાર નહીં લગાડે તે નક્કી છે!

# દીકરી એટલે ઈશ્વરે આપણને કરેલું કન્યાદાન




હું જન્મ્યો ત્યારે
મેં રડીને ઈશ્વરનો આભાર માન્યો હતો
અને મારી માતાએ હસીને
આંસુ અને સ્મિતનું
સંયોજન કે પૃથક્કરણ
પરમેશ્વર પણ કરી શકે છે ખરાં?
પિતા અને પરમેશ્વરનું કામ તો
સત્યના સાક્ષી થવાનું.
- સુરેશ દલાલ

●●●

હેં દીકરી જન્મી ??!
ભગવાનને જે ગમ્યું તે ખરું !!!

હોસ્પિટલના બાંકડે બેઠા બેટા આગંતુક સ્નેહી-શુભેચ્છકોના આવા ઉદ્ગારો કંપાવી જતા... ઘડીભર ક્ષુબ્ધ થઈ જવાતું. ખ્રિસ્તી નવ વરષના પ્રથમ દિવસે મારે ત્યાં બીજી પૌત્રી અવતરી... પરિવારે અદના ઉમંગથી વેલ કમિંગ કર્યું... ઘરમાં ખુશીનો માહોલ છવાયો....

'મેરે ઘર આઈ એક નન્હી પરી,
એક નન્હી પરી....
ચાંદની કે હસીન રથ પે સવાર,
મેરે ઘર આઈ....'

ફિલ્મી ગીતની પંક્તિઓ યાદ આવી ગઈ. ઈશ્વરની સુંદર સોગાત સમી નવજાત દીકરી. પરવારજનોનો સ્નેહાભિષેક ઝીલી રહી હતી ! પરંતુ સમાજનો એક વર્ગને મન આજેય દીકરી 'પથરો' જ છે. અરે, દીકરીને જન્મ આપનારી માતાએ તો જાણે કોઈ મોટો ગુનો કર્યો હોય તેમ તિરસ્કાર સહન કરવાની ઘટનાઓ અખબારી પાને ચમકતી જોવા મળે છે. દોસ્તો, ભાગ્યવાનનાં ત્યાં દીકરો અવતરે અને સૌભાગ્યવાનને ત્યાં દીકરી જન્મે એટલે જ હું દીકરીને લક્ષ્મી સ્વરુપા જ માનું છું. પણ કમનસીબી એ છે કે આજેય દીકરીના જન્મને 'અભિશાય' ગણી ધિક્કારનારાઓને કોઈ તોટો નથી. આ તો પ્રાચીનકાળથી ચાલ્યું જ આવે છે... આજે પણ અગણિત સ્ત્રીઓ પોતાનું સંતાન છોકરી હોવાને કારણે ચિંતા - અફસોસની લાગણીથી હિજરાતી જોવા મળે છે. વેદકાળથી આપણો પુરુષપ્રધાન સમાજ દીકરાને ઝંખતો રહ્યો છે. દીકરા માટે બાધા-આખડીને માનતાઓ માનતો રહ્યો છે. દીકરો એટલે વંશવેલો વધારનાર.... કૂળને તારનાર... ઘડપણની ટેકણ લાકડી... મા-બાપનું ગૌરવ.... 'પૂં' નામના નારકમાંથી ઉગારનાર.... આપણી આવી સામાજિક માનસિકતાનું પ્રતિબિંધ સાહિત્યમાં પણ જોવા મળે છે.

'પહેલું સુખ તે
જાતે નર્યા, બીજું સુખ તે પેટ દીકરા,
ત્રીજું સુખ તે કોઠીએ જાર, ચોથું સુખ તે સુલક્ષણી નાર.'
'જેવો તોયે ચૂડલો, ઘરડો તોય તોખાર, હીણો તોયે દીકરો,
સારો તોયે સુનાર....'

એથીયે વિશેષ 'વઢકણી વહુએ દીકરી જણ્યો' - દીકરા દેનારી વહુઓના ગૌરવરુપ આવી કહેવતો પણ પ્રચલિત છે. એક બાજુ 'દીકરી વહાલનો દરિયો', 'તુલસીનો કયારો....' 'સ્નેહનું ઝરણું,' 'ઘર દીવડા....' જેવા વિધવિધ વિશેષણોથી દીકરીને નવાજનારા સમાજના બેવડા ધોરણો મનને મૂંઝવે છે.

દોસ્તો, શું સ્ત્રી વગર આ દુનિયામાં મનુષ્ય જીવનનું અસ્તિત્વ શક્ય છે ખરું ? છતાં પણ સમાજમાં સ્ત્રીહત્યા, ભ્રૂણહત્યા, જાતીય શોષણ, બળાત્કારો, એસિડ એટેક અટકયા છે ખરાં ? દીકરાનો જન્મ એ સમાજ માટે 'આશીર્વાદ' રુપ છે શાપ નહીં. કારણ દીકરાના જન્મ થકી જ પૃથ્વી પર માનવ જીવન શક્ય બને છે, સ્ત્રી જ માનવ સમાજનો પાયો છે. એક સ્ત્રી જ - એક દીકરી, બહેન, પત્ની અને બીજાં અનેક રુપે પોતાની ભૂમિકા ભજવી શકે છે. ૨૦૧૪ની ચોથી સપ્ટેમ્બરે અમારાં આંગણામાં વસંતના વધારણા થયાં, જેને અમે નામ આપ્યું ધીમહિ! આજે 'ધમુ' કહી લાડથી બોલાવું છું, હમણાં બીજી પૌત્રી અવતરી અને નામકરણ કર્યું યજામિ.... વ્હાલી યજુ... જે અમારા કુટુંબની, અમારા સંસ્કારોની, અમારી લાગણીનો પર્યાય બની રહે !! કોઈએ સાચે જ કહ્યું છે કે,

'માતા પિતાના દિલના કોડિયામાં
સંસ્કારોના તેલ વડે
વાત્સલ્યની દિવાસળી થકી
ઘર અને સમાજને
ઉજાગર કરનારી દિવેટ એટલે દીકરી...'

અહીં કવિ તુષાર શુક્લ, એકપિતાના હૃદયોગાર યાદ આવે છે ;

'સાપનો ભારો, તુલસીનો ક્યારો,
તમે ભલે ને ગમે તે ધારો
કોઈ કહે છે પારકુ ધન પણ
સાવ અલગ છે ઉત્તર મારો
જીવતરને મધમધતું કરતું
દીકરી નામે અત્તર !'

પૌત્રીના પાવન પગલે ઉંબરો મહેક્યો છે.... એના અવતરણને હરખે વધાવ્યું છે... એનો આનંદ અમે રોમેરોમ અનુભવ્યો.... દિલથી માણ્યો ને વ્યાપ્યો છે શ્વાસોશ્વાસમાં....!!

સ્પર્શમણિ :
દીકરી એટલે ઈશ્વરે આપણને કરેલું કન્યાદાન.

●●●

બધું જ પામીને છોડવા માટે અને બધું જ છોડીને પામવા માટે જે જન્મી છે તેનું નામ દીકરી...

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

### દિન મહિમા

- ગુરુ ગોવિંદસિંહ જન્મજયંતિ : ગુરુ ગોવિંદસિંહ શીખોના ૧૦માં ગુરુ હતા, આ દિવસે શીખ સમુદાયના નાગરિકો પૂજા-અર્ચના કરે છે
- અજીત ડોભાલનો જન્મ ભારતનાં પાંચમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલનો જન્મ ૨૦ જાન્યુઆરી, ૧૯૪૫નાં રોજ ઉત્તરાખંડનાં પૌરી ગઢવાલ જિલ્લાના ધીરી બાનોલ્શિપુન નામના ગામમાં થયો હતો.

આજનું

### ઔષધ

- અરડુસી, આદુ, લીલી હળદરનો ૧-૧ ચમચી રસ દિવસમાં ત્રણ વાર લેવાથી જુના કાકડા, ઉધરસ, શ્વાસ-દમ, શરદી વગેરે કફના રોગ મટે છે.

### ખડખડાટ

- દુકાનદાર : શું જોઈએ બેન?
શાંતાબેન : લાલ મરચાં
દુકાનદાર : (બુમ પાડી) લીલા મરચાં આપ
શાંતાબેન : પણ મારે તો લાલ જોઈએ છે.
દુકાનદારે (ફરીથી બુમ પાડી) લીલા મરચાં આપ
શાંતાબેન : (ચી પાડીને) પણ મને તો લાલ જોઈએ છે.
દુકાનદાર : મારી માં માથે બરફ રાખ
લીલા મારી બાયડીનું નામ છે અને એ લાલ મરચા જોખવા જ ગઈ છે.

આજનો

### વોટ્સએપ

- પ્રેમ, સન્માન અને અપમાન આ ત્રણ એક પ્રકારનું રોકાણ છે જેટલું બીજાને આપશો તેનાથી ડબલ તમને પાછું મળશે.

# અરે ઓ પુષ્પા, મારાથી જંગલનો વિનાશ નથી જોવાતો




ઉત્તરાયણ ઉત્તરાયણ કરતાં એ આવીને જતી પણ રહી, ખબર પડી? આવું કોઈક પૂછે ત્યારે મને થાય, ઓત્તારી ખબર કેમની ના પડે? મને તો એ દિવસ બરાબરનો યાદ રહી ગયો. એ દિવસે પુષ્પા આવેલો.

પુષ્પા આવેલી એની વાત નથી, તમારા મનમાં બાજુમાં રહેતી કોઈ જૂની સખીની યાદ તાજી થઇ ગઇ હોય તો એમાં મારો કોઈ વાંક-ગુનો નથી. મારા ઘરે તો એ દિવસે એક દાઢી વાળો પુષ્પાભાઈ આવેલો. પુષ્પા બોલે તો ફલાવર નહીં ફાયર, આવું એ ભાઈને ઘડી ઘડી બોલવાની ટેવ હતી, પણ મુદ્દાની વાત એ કે એ મને જરાય નહોતો ગમ્યો.

તમને તો ખબર જ છે ને તહેવારોના દિવસોમાં આપણાં ઘરે કેટલા બધા માણસોનો મેળાવડો જામતો હોય. ઘરની ગૃહલક્ષ્મીને માથે રસોડું નામની કેટલી મોટી જવાબદારી આવી પડી હોય. ઘરના બધા માણસોની પસંદ અલગ અલગ હોય ત્યાં એ બધાને અનુકુળ આવે એવું ભાણું નક્કી કરવામાં જ મગજની કઢી થઈ જાય. એમાંય પાછું ઊંધિયું બહારથી મંગાવી લેવું કે તૈયારી કરી જ છે તો ઘરે બનાવી લેવું? જલેબી સાથે ફાફડા કેટલા મંગાવવા? ફરસાણની દુકાને શ્રીમાન આંટો મારવા ગયા જ છે તો જોડાજોડ સેન્ડવીચ ઢોકળાં અને પાતરા પણ મંગાવી લઉં કે ઘરે જ મેથીના ગરમાગરમ ગોટા ઉતારી લઉં? રોટલી કેટલી? પૂરી કેટલી જોઈશે? આવા બધા અસંખ્ય નાના મોટા સવાલો વચ્ચે અડધો દિવસ તો એમ જ પસાર થઈ ગયો હોય. ધાબે એકાદ ચક્કર મારી બધાને જમવા માટે નીચે આવવાની ઘરની અન્નપૂર્ણા બૂમો પાડતી હોય ત્યારે રામ બરાબર જો એકેય જણ એનું સાંભળી નીચે આવે. ત્યાં પાછું ચાલતું શું હોય? સવારની ધાબે ચઢેલી મોટા ભાગની સ્ત્રીઓ મમરાના લાડુ પર તુટી પડી હોય. કોઈકને વળી વજન ઘટાડો મોડ એક્ટિવ હોય એટલે એ બોરનો ઠળિયો ચગળતી આંટાફેરા મારતી હોય. મોટા ભાગના પુરુષો કડક ચિકી ખાઈ ખાઈને એમના જડબા હજી કેટલા મજબૂત છે એની બીજાને ખબર ના પડે એમ કસોટી કરતા હોય તો બાળકો શેરડીના સાંઠા છોલી છોલી જ્યાં ને ત્યાં એના કુચા ફેંકી કૂદાકૂદ કરતા હોય. જુવાનિયાઓ હંમેશની જેમ ફોટા પાડવામાં વ્યસ્ત હોય, ટુંકમાં આમાંથી એકેય જણ એ દિવસે જમવા નવરું ના પડે.

માંડ માંડ બધું પરવાર્યા બાદ ચારેક વાગ્યે ઘરની કર્તાહર્તા દેવીને ટીવી સામે નજર કરવાનું મન થાય, એ હજી રિમોટને હાથ જ લગાડે ને ત્યાં જ આ પુષ્પાભાઈ આવી ચઢે તો કેવું લાગે? મારી સાથે બિલકુલ આવું જ થયેલું...અને એ પુષ્પાભાઈને, મારી કડક શબ્દોમાં ના હોવા છતાં, તેડી લાવનાર હતા મારા ભરથાર.

હું હજી તો રિમોટ લઈ ટીવી ચાલું કરું એ પહેલાં જ પતિશ્રીએ એમના મળતીયાઓ સાથે ધાબેથી નીચે આવીને ધડ કરતાક કહી નાંખેલું, "ચા બનાવ." મનમાં ચાની શોધ કરનારને ભગવાન નર્ક ભેગો કરે એવું વિચારતી હું ઊભી થઈ અને રસોડા સુધી પહોંચું એ પહેલાં જ ટીવીની માલિકી ગયાની મને જાણ થઈ ગયેલી. ગુસ્સો તો તરત મારા નાક પર આવીને બેસી ગયેલો, એમની આટલી હિંમત કેમ કરતા થઈ? એક મોટો ઘાંટો પાડીને પતિદેવને બે ચાર સુવાક્યો સંભળાવી દેવાની ઈચ્છા મનમાં જોર કરી ગયેલી પણ, વરજીની જોડાજોડ એક મારો અને એક એમનો એમ બે બે ભાઈ આવીને બેસી ગયા હતા. હવે એ લોકોની આગળ મારી સુશીલ, સુલક્ષણા નારીની છાપ ભુંસવી મને પાલવે એમ નહોતું. ના છૂટકે મારેય પુષ્પાભાઈને ત્રણ કલાક સહન કરવા પડ્યા.

સૌથી પહેલું તો મને એમનું નામ જ નહોતું ગમ્યું. પુષ્પ એટલે ફૂલ, ફૂલ જેવા કોમળ મનુષ્ય પર એ નામ વધારે શોભે અને એટલે જ આપણે ત્યાં પુષ્પા નામ મોટે ભાગે સ્ત્રીઓનું હોય છે. ખેર, હવે નામની ચર્ચા બંધ કરી આગળ વધીએ તો ફિલ્મમાં હીરો કરે છે શું? ચંદનના લાકડાની દાણચોરી કરે એ માણસને હીરો કહેવો કે ગુંડો?

આપણી ફિલ્મોની આ વાત મને ક્યારેય પસંદ નથી આવી. ગલત કામ કરતા માણસને હીરો ચિતરીને તમે બતાવવા શું ઈચ્છો છો? સમાજમાં શું એવો મેસેજ આપવા માંગો છો કે ભણવાનું છોડીને વાળ વધારો, ગુંડાગર્દી કરવા જરૂરી લાગે એવો દેખાવ ધારણ કરો અને પછી ગુંડાગર્દી ચાલું કરી દો. દાણચોરી કરો, જે જંગલોમાં તમે રહો છો, જે તમને રોજીરોટી આપે છે એનો જ ખાત્મો બોલાવી દો. ખોટી ટણી બતાવી, "જુકને કા નઈ" કહી અડિયલ બની રહો. માણસે કોઈ સારું કામ કર્યું હોય તો આખો સમાજ એની પડખે ઊભો રહે. એ જો એકાદ ઝાડ ઉછેરત તો મનેય પુષ્પાભાઈમાં કોમળતા દેખાત પણ અહીંયા એ બધું જ ગાયબ હતું. મને એમ થાય કે આવી ફિલ્મ પોલીસ વાળાની નજરે કેમ નથી દેખાડાતી? પોલીસ જંગલોમાં થતી દાણચોરી રોકવા પ્રયત્ન કરતી હોય પણ પુષ્પાભાઈ એટલા હોશિયાર જે દરેક વખતે પોલીસને ચકમો આપીને નીકળી જાય, એ રીતે પણ ફિલ્મ બની જ શકે ને. ફિલ્મનો હીરો વિલન જેવું કામ કરતો હોય તો એને વિલન તરીકે જ બતાવો ને એમાં પછી આદર્શવાદ ઘૂસેડવાની નક્કામી મહેનત શા માટે કરવાની?

ફિલ્મના એક સિનમાં ચંદનના લાકડા ભરેલી ટ્રક પોલીસથી બચવા કૂવામાં નાંખી દેવાતી બતાવી છે, તો એક બીજા દ્રશ્યમાં વીસ પચીસ ટ્રક ભરેલા ચંદનના થડિયા નદીમાં ફેંકી દેતા બતાવ્યા છે. હવે ઝરણાની જેમ આગળ વધતી નદીમાં એક સાથે આટલા બધા લાકડા આવી પડે અને એમાંથી એકેય ક્યાંક આઘુંપાછું ના થાય, ક્યાંક આડું થઈને અટકી ના જાય, એ તો એ અને આખી નદીમાં હજારોની સંખ્યામાં ઝાડના થડ તરી રહ્યા હોય, પોલીસ એને જ શોધવા બધે બધે ફાંફાં મારી રહી હોય અને તોય એમને કંઈ દેખાય જ નહીં, એ કેવું? આ બધું મને જરાય વાસ્તવિક નથી લાગતું. હું મગજ બંધ રાખીને ફક્ત કોમેડી ફિલ્મ જ જોઈ શકું છું!

રામ જાણે, મારે બળજબરીથી "પુષ્પા" જોવી પડી એટલે એ મને નીરસ લાગી કે સાચે જ એ નીરસ હતી...તમે જોઈને ખાતરી કરી લો એવું પણ મારાથી શેં કહેવાય, હું કંઈ એટલી જુલ્મી થોડી છું?

**અમસ્તું,**

આખું કુટુંબ ભેગું થયું હોય ત્યારે બધા સાથે મળીને જોઈ શકે એવી ફિલ્મ બનાવવાનો સમય પાકી ગયો છે!

- @KaoadiaNiyati

# ડિસ્કોથેક રિસોર્ટના પરિસરમાં જ જરા ઊંચાણ ઉપર હતો




દાર્જિલિંગની એ ખુશનુમા સાંજ હતી. મનભાવન ઋતુ અને મનમોહક દ્રશ્યોનો સુમેળ સહેલાણીઓને મદમસ્ત બનાવી રહ્યો હતો. ઊંચાં ગિરિશિખરો, ઢોળાવવાળા રસ્તા અને રંગબેરંગી ગરમ વસ્ત્રોમાં સજ્જ ખુશીથી ઝૂમતાં પ્રવાસીઓ- આ બધાં દાર્જીલિંગને વધુ સુંદર બનાવી રહ્યાં હતાં કે દાર્જીલિંગની સુંદરતાએ એમને રોનકવંતા બનાવી દીધાં હતાં એ નક્કી કરવું મુશ્કેલ હતું.

આખો દિવસ ફરી-રખડીને થાકી ગયાં હોવા છતાં સહેલાણીઓના ઉત્સાહમાં જરા ય ઓટ આવી નહોતી. પહાડોમાં આમે ય સાંજ જલદી ઢળી જાય છે અને ઠંડીનું પ્રમાણ વધતું જાય છે એટલે સૌ પોત-પોતાની હોટેલ અને રીસોર્ટમાં પૂરાવા માંડ્યાં હતાં પણ તો ય શહેરી જીવનમાં મોડે સુધી જાગવાની આદતો ધરાવતાં એમને હજી ઊંઘવું નહોતું.

એમાં ય વૈભવી રીસોર્ટ્સમાં હજી એક પ્રોગ્રામ બાકી રહેતો હતો અને તે હતો ડિસ્કોથેકનો એટલે કે ડાન્સનો. 'સિલ્વર લાઈન રિસોર્ટ'માં ઊતરેલા મહેમાનો પણ જરા આરામ કરીને રિસોર્ટના જ ડિસ્કોથેકમાં જવાની તૈયારીઓ કરી રહ્યા હતા. ડિસ્કોથેક રિસોર્ટના પરિસરમાં જ જરા ઊંચાણ ઉપર હતો. હળવા બુફે ડિનરની પણ ત્યાં વ્યવસ્થા હતી. રિસોર્ટમાં તમામ સગવડો સાથેના કોટેજમાં ઊતરેલા ટૂરિસ્ટ્સ સ્વાભાવિકપણે શહેરના વૈભવી પરિવારમાંથી આવતાં લોકો હતાં. એટલે વધારે પડતા શ્રમની એમને આદત નહોતી. આખો દિવસ રખડપટ્ટી કર્યા પછી ચઢાણવાળી જગ્યાએ જવાનું એમને બહુ આકરું લાગતું હતું. અમદાવાદના માલેતુજાર વેપારી શેઠ વલ્લભદાસ ઝવેરીની પણ આ જ હાલત હતી. એમની રૂપકડી દીકરી રત્ના જીદ કરી રહી હતી, "પપ્પા, ચાલો ને, બહુ મજા આવશે. ફ્રેશ થઈ જવાશે." પણ પપ્પા થાકી ગયા હતા, "તમે લોકો જઈ આવો. તારી મમ્મી અને પ્રિયાંક તો છે જ ને સાથે!"

જવાબમાં રત્નાનું રૂપાળું મોંઢું ઝંખવાઈ ગયું, "પપ્પા, મમ્મી તો આમે ય ના-ના જ કરતી હોય છે. પ્રિયાંકડો તો ત્યાં બેઠાં-બેઠાં જ ઊંઘી જવાનો છે, જાડિયો! તમે ય ના પાડશો તો.....જાવ, હું નથી બોલતી તમારી સાથે!"

પ્રિયાંક બગડ્યો, "રહેવા દે હોં દીદી, તારા કરતાં તો વધારે સ્ટેમીના છે મારી! જોજે, આજે કોણ વધારે ટાઈમ સુધી ડાન્સ કરે છે! એમ કહે ને કે તું પપ્પાની ચમચી છે! પપ્પા વગર ક્યાંય પગ મૂકતી નથી!"

રત્નાને એમાં ગુસ્સો ન આવ્યો, "હા, જા, છું પપ્પાની ચમચી! પપ્પા, ચાલો ને...બધાં ઘણાં લોકો હશે ત્યાં....મજા આવશે." પણ વલ્લભદાસ ઝવેરી ખરેખર થાક્યા હતા. આખરે રત્નાનાં મમ્મીએ સોગઠી મારી, "જવા દે ને બેટા, તારા પપ્પાની ઉંમર થઈ ગઈ હવે! હવે એ પહેલાં જેવી સ્ફૂર્તિ ક્યાં છે એમનામાં!"

વલ્લભદાસ ઝવેરી માટે એ જનોઈવઢ ઘા નીવડયો, "અરે, એમ તે કંઈ હોતું હશે! ચાલ, હું આવું. ત્યાં કંઈક હળવું ખાઈ લેશું."

પરિવાર કોટેજનો આરામ છોડીને ચઢાણ ચઢીને ડિસ્કોથેકમાં પહોંચ્યો. ખરેખર ઘણાં લોકો ત્યાં હતાં. મિત્રવૃંદો, પરિવારો, રંગીન ઝબૂકતી લાઈટ્સ, મોટેથી વાગતું મ્યુઝિક- દુનિયા જ કંઈક ઓર હતી એ.

એક મોટી વર્તુળાકાર જગ્યા હતી અને આસપાસ ખુરશીઓ ગોઠવવામાં આવી હતી. યુવાવર્ગ સંગીતના તાલે વર્તુળાકાર જગ્યામાં ઝૂમી રહ્યો હતો અને જે લોકો નૃત્ય નહોતા કરવા માંગતાં તે બધાં ખુરશીઓ ઉપર ગોઠવાયાં હતાં.

પણ રત્નાનું ધ્યાન ન તો એ લાઈટ્સ પર પડ્યું કે ન તો ઝૂમી રહેલાં લોકો પર. ડિસ્કોથેકનું ડોર ખોલતાં વેંત એને દેખાયો એક સુંદર, વાંકડિયા વાળવાળો યુવક, જે પોતે પણ એક બાજુ ઝૂમી રહ્યો હતો. રત્નાનાં મમ્મી-પપ્પા ખુરશી ઉપર ગોઠવાઈ ગયાં. રત્ના અને નાનો ભાઈ બીજા બધાં સાથે નૃત્ય કરવા પહોંચી ગયાં. નવી હિન્દી ફિલ્મનું એક ધમાકેદાર ગીત વાગી રહ્યું હતું. રત્ના ધીમે-ધીમે ભાઈની નજર ચૂકાવીને એ સુંદર યુવક સુધી પહોંચી ગઈ. યુવકને પણ એની કંપની ગમી હોય એવું લાગ્યું. થોડી વાર સુધી બંને સંગીતના તાલે થીરકતાં રહ્યાં.

પણ આ શું? જેવું ગીત પૂરું થયું ત્યાં યુવાન ગાયબ થઈ ગયો. રત્નાની નજર એને શોધતી રહી. ફરી પાછું બીજું ગીત ચાલુ થયું અને એ પાછો આવી ગયો. એમ જ્યારે-જ્યારે ગીત પૂરું થાય એટલે એ જતો રહેતો અને બીજું ચાલુ થાય એટલે આવી જતો. બહુ વાર પછી રત્નાને ખ્યાલ આવ્યો કે એ રૂપકડો યુવાન ડીજે એટલે કે ડાન્સ જૉકી હતો. ઊંહ....! રત્નાનું મોંઢું બગડી ગયું. ક્યાં પાંચમાં પૂછાતા, અમીર શેઠ વલ્લભદાસ ઝવેરીની લાડકી દીકરી અને ક્યાં એક રિસોર્ટમાં ડીજે તરીકે કામ કરતો એક સામાન્ય યુવાન! એમાં પણ એક વાર રત્ના મસ્તીમાં યુવકની નજીક આવી ગઈ ત્યારે એ યોગ્ય અંતર રાખીને ખસી ગયો અને બોલ્યો, "એક્સક્યુઝ મી, મેડમ". થઈ રહ્યું. રત્નાના નાકનું ટીચકું ચઢી ગયું. યે મૂંહ ઔર મસૂરકી દાલ? રત્ના ધીમે-ધીમે સરકીને પપ્પા પાસે આવીને ડાન્સ કરવા લાગી. પણ તો ય દિલ થા કિ માનતા નહીં થા!

પાછો એ ત્યાં રહેલાં બાકી બધાંને પ્રિય થઈ પડ્યો હતો. કારણ એનો હસમુખો અને જીવંત સ્વભાવ. એવામાં વલ્લભદાસે પોતે યુવાનને ફરમાઈશ કરી, "આપ વો ગાના બજા સકતે હૈં- યે શામ મસ્તાની?" જવાબમાં એ બંગાળી છાંટ સાથે બોલ્યો, "હાં, હાં, ક્યૂં નહીં? મદહોશ કિયે ઝાય?" એના ઉચ્ચાર સાંભળીને ઉપસ્થિત સૌ હસી પડ્યાં. સાથે એ ય ખેલદિલીપૂર્વક હસી પડ્યો. ત્યાં રહેલી એક યુવતીએ થોડા અણગમા સાથે કહ્યું, "યે તો બહોત પુરાના ગાના હૈ. ઈસમેં ક્યાં ડાન્સ હોગા?" ડીજેએ મુસ્કાન સાથે જવાબ આપ્યો, "જી, લેકિન કભી કભી બુઝુર્ગોકી ભી સુન લેની ચાહીયે. વો તો ડાન્સ ભી નહીં કર રહેં હૈં."

ઝવેરી પરિવાર અહીં 'ફાઈવ નાઈટ્સ એન્ડ સિક્સ ડેઝ'નું બુકિંગ કરાવીને આવ્યો હતો. રત્નાને હવે આખો દિવસ ફરવા કરતાં રાતની ડાન્સ-પાર્ટીમાં વધારે રસ પડતો હતો. એનું દિલ ડીજેને મળવાનો ઈંતેજાર કરતું રહેતું હતું પણ દિમાગ એક ડીજેના નામથી મોં મચકોડતું રહેતું હતું.

એવામાં ચોથે દિવસે એક ઘટના બની. ડાન્સથેકમાં વલ્લભદાસ ઝવેરીની અત્યંત કિંમતી ઘડિયાળ ખોવાઈ ગઈ. એમને પોતાને પણ ખ્યાલ ન રહ્યો કે ક્યારે એ એમના કાંડામાંથી સરકી ગઈ. બીજે દિવસે સવારે ઝવેરી પરિવાર એમના કોટેજમાં નાસ્તો કરતાં-કરતાં આ ઘટનાની ચર્ચા કરી રહ્યો હતો ત્યારે ડીજે દાખલ થયો. રત્નાનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. "સર, યે આપકી ઘડી. ડિસ્કોથેકમેં મ્યુઝિક સિસ્ટમકે પાસ મિલી." એણે વિનમ્રતાપૂર્વક કહ્યું.

વલ્લભદાસ ઝવેરીના મુખ ઉપર સ્મિત ઝળક્યું, "એક બાત પૂછની થી. તુમ મેરી બેટીકે જીવનસાથી બનના પસંદ કરોગે?" આશ્ચર્યચકિત રત્નાને વલ્લભદાસે હસીને કહ્યું, "બાપ છું તારો. દીકરીની પસંદ નહીં સમજું? આટલા દિવસથી એ જ તો જોઈ રહ્યો છું. અને હા, સામાન્ય નોકરી કરનાર દરેક જણ સામાન્ય નથી હોતો." યુવાનની દશા પણ રત્ના જેવી જ હતી. વલ્લભદાસ એની સામે જોઈને ખડખડાટ હસ્યા, "તો તુમ ક્યા સમજતે હો? ઘડી અપને આપ ગૂમ હો ગઈ થી? તુમ હર ઈમ્તહાનમેં પાસ હો ગયે હો." પત્ની તરફ ફરીને એ એટલું બોલ્યા, "ઝવેરી છું, હીરાની પરખ નહીં જાણું?"

- mtabuch150@gmail.com

# કોરોનાના આ વેવમાં શું ધ્યાન રાખવું?




અત્યારે આપણે કોરોનનો ત્રીજો વેવ ચાલી રહ્યો છે. ગયા વર્ષે એપ્રિલ મહિનાના અંતભાગમાં ગુજરાતમાં રોજના ૧૪૬૦૦ કેસ સાથે પીક આવી હતી. અત્યારે આપણે ઓલરેડી રોજના ૧૭૦૦૦ થી વધુ કેસ આવે છે અને હજુ આ આંકડો વધતો રહેશે. રાહતની વાત એ છે કે આ વખતે મોટાભાગના લોકોને હોસ્પિટલ જવાની જરૂર નથી પડી રહી અને બહુ સિરિયસ કન્ડિશન થઇ હોય તેવા કેસ પણ બહુ ઓછા છે.

આ પાછળનું કારણ આ વખતનો વેરિયંટ છે. કોરોણાનો ઓમઈક્રોન વેરિયંટ પ્રમાણમાં હળવો છે આથી રોગના લક્ષણો પણ પ્રમાણમાં હળવા છે. તો, આ વખતના કોરોના વેવ્મ આપણે શું-શું ધ્યાન રાખવું તે જોઈએ

- સૌથી અગત્યનું, આ ઓમઈક્રોન વેરિયંટ ભલે હળવો છે પણ તે અગાઉના વેરિઅંટ કરતા પાંચ ગણી વધુ ઝડપે ફેલાય છે, અને એટલે જ કદાચ આટલા ઓછા દિવસોમાં આટલા વધુ કેસ જોવા મળી રહ્યા છે. ઘરમાં જો એક વ્યક્તિને લક્ષણો દેખાય કે તરત જ કોવીડ ટેસ્ટ કરાવી લેવો અને જો પોઝિટિવ આવે તો ઘરે આઈસોલેટ થઈ જવું. જો આને હળવાશથી લેશું તો ઘરના બધા લોકોને ચેપ લાગવાની પુરેપુરી શક્યતા છે.

- આ ઓમઈક્રોન વેરિયન્ટમાં રોગના લક્ષણો બદલાયા છે. જુના ડેલ્ટા વેરિયન્ટમાં શ્વાસ લેવામાં તકલીફ, ઓક્સિજન સેચ્યુરેશન ડાઉન થવું, સ્વાદ-સુગંધ જતા રહેવા જેવા લક્ષણો જોવા મળતા, જ્યારે આ વખતે શરીરમાં ખૂબ થાક લાગવો, હળવો કે ભારે તાવ આવવો, શરદી-ઉધરસ થવા આદિ લક્ષણો જોવા મળે છે (આ લક્ષણો ફલૂ તાવના લક્ષણો જેવા જ લાગે છે). એટલે જો આમાંનું કોઈ પણ લક્ષણ જણાય તો તરત ટેસ્ટ કરાવવો જરૂરી છેજેથી આસપાસના લોકોને ચેપ ન લાગે

- જો તાવ આવે તો ડોક્ટરની સલાહ મુજબ તાવ માટેની કોઈ પણ એલોપેથી દવા લઈ શકાય. આ સાથે આયુર્વેદની સુદર્શન ઘનવટી, ત્રિભુવન કીર્તિ રસ, ગોદંતી ભસ્મ વગેરે જેવી દવાઓ પણ આયુર્વેદિક ચિકિત્સકની સલાહ અનુસાર લઈ શકાય

- શરદી- ઉધરસ માં નિયમિત નાશ લેવી, નાકમાં અણુતેલ કે ગાયના ઘીના ટીપા નાખવા, અરડૂસી-હળદર-આદુ-તુલસી નો રસ પીવો, લક્ષ્મીવિલાસ રસ, ભારંગ્યાદિ કાઢા, કંટકારી અવલેહ, કનકાસવ વગેરે જેવા અસરકારક આયુર્વેદિક ઔષધો ચિકિત્સકની સલાહઅનુસાર લેવા. ઈમ્યૂનિટી વધારે તેવા ઉકાળા-દવાઓ પણ લઈ શકાય પણ તેને આયુર્વેદિક ચિકિત્સકની સલાહ અનુસાર લેવા જેથી બીજી આડઅસરો ન થાય.

- ઓમીક્રોનમાં ખૂબ થાક લાગે છે એટલે શક્ય તેટલો આરામ કરવો. પૂરતું પાણી પીવું, વિટામિન-મિનરલ સપ્લીમેન્ટ લેવા અને પૌષ્ટિક આહાર લેવો

મોટેભાગે સામાન્ય લક્ષણો સાથે કોવીડ નેગેટિવ આવી જશે પણ જો જરૂર પડે તો તરત હોસ્પિટલમાં જઈને વધુ તપાસ કરવી.

હવેના ૧૫ દિવસ ખૂબ અગત્યના છે. ત્યાં સુધીમાં આપણે મોટેભાગે પીક આવી જશે અને ક્રમશઃ કેસ ઘટવા લાગશે. ત્યાં સુધી આપણે સાવચેત થઈને રહીએ, માસ્ક પહેરીએ, બિનજરૂરી બહાર નીકળવાનું ટાળીએ અને આપણા સ્વાસ્થ્યનું ધ્યાન રાખીએ

(મો) ૯૮૭૯૪૭૧૧૪૭